NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

## :: પરિપત્ર ::

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના સંબંધકર્તા ઉપાડ અને ચુકવણાં અધિકારીઓને જણાવવામાં આવે છે કે, જિલ્લા સ્થાનિક ભંડોળ હિસાબ, નવસારી તરફથી **સને ૨૦૦૯–૧૦** ના ઓડિટ પેરાઓ મળેલ છે. જે ઓડિટ પેરાઓ આ સાથેના સામેલ પત્રકમાં દર્શાવવામાં આવેલ છે. સદર ઓડિટ પેરાઓના જવાબ, આડાપત્રકના રૂપમાં પ્રથમ અર્ધા ભાગમાં ઓડિટ પેરાઓ તથા બાકીના અર્ધા ભાગમાં ઓડિટ પેરાનો સમાધાનકારક જવાબ રજૂ કરવાનો રહે છે. પત્રકનો પ્રર્ફોમાં નીચે મુજબ છે.

| ઓડિટ પેરા નં. | ઓડિટનો પૂરેપૂરો ફકરો | સમાધાનકારક જવાબ |
|---|---|---|

સદર ઓડિટ પેરાઓનો જવાબ FS સાઈઝમાં MS WORDS, LMG ARUN, 16 FONT માં તૈયાર કરવાનું રહેશે. આ જવાબની ચાર (૪) હાર્ડ કોપી ત્રણ નકલમાં તથા સોફટ કોપી, સીડી બનાવી જરૂરી આધાર પુરાવા સાથે **<u>દિન–૨૦ માં કચેરીમાં રૂબરૂમાં પહોચતા કરવા વિનંતિ છે.</u>**

**સને ૨૦૦૮–૦૯** ના વર્ષના મોકલવામાં આવેલ ઓડિટ પેરાના જવાબ ઉપરથી નીચે સહી કરનારને ધ્યાનમાં આવેલ છે કે, કેટલીક કચેરીઓ ઓડિટનો પુરો ફકરો (ઉપરોકત પત્રકના કોલમ નં.૨ માં) ટાઈપ કરતા નથી, વળી કેટલીક કચેરીઓ ઓડિટ પેરો સ્કેન કરીને મોકલે છે, કેટલીક કચેરીઓ માંગેલ ફોન્ટ કરતાં જુદા ફોન્ટમાં તથા ફોન્ટની ૧૬ સાઈઝને બદલે અન્ય સાઈઝમાં ટાઈપ કરે છે. કેટલીક કચેરીઓ આડા પત્રકને બદલે ઉભા પત્રક મોકલાવે છે. કેટલીક કચેરીઓ ટાઈપીગમાં કાનો–માત્રાની ઘણી બધી ભૂલો કરે છે. આના કારણે આ સુધારાઓ અત્રેથી કરવામાં આવેલ હતા. **ઓડિટ રીપોર્ટ ખૂબ જ ટૂકાં ગાળામાં તૈયાર કરીને સંચાલક મંડળ / વિધાન સભાગૃહ સમક્ષ રજૂ કરવાનો હોય છે.** આ બધા સુધારા કરવા ઘણો સમયનો બગાડ થાય છે. આ બાબતનું પુનરનવર્તન **સને ૨૦૦૯–૧૦** ના વર્ષમાં ન થાય તેની ખાસ તકેદારી રાખવા વિનંતી છે.

જે કચેરી તરફથી **૨૦ દિવસની** સમય મર્યાદામાં ઓડિટ **<u>પેરાઓનો જવાબ મળશે તે જ કચેરીના પગાર બીલો સ્વીકારી ચૂકવવામાં આવશે.</u>** તો આ બાબતે અંગત લક્ષ આપી નિયત સમય મર્યાદામાં ટોચ અગ્રિમતાના ધોરણે કાર્યવાહી કરવા વિનંતી છે.

માન. કુલપતિશ્રીના અધ્યક્ષપણાના હેઠળ તા. ૦૩/૦૧/૨૦૧૩ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે એ.બી.એમ. કોલેજના કોન્ફરન્સ હોલમાં એક મીટીગનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સર્વે યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓને હાજર રહેવા વિનંતી છે.

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/ઓડિટ/૧૪૧૬૬–૨૬૬/૧૨
નવસારી તા.૧૦/૧૨/૨૦૧૨

નકલ રવાના સામેલ પત્રકના **કોલમ નં.૨** માં દર્શાવેલ કચેરીના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**

(૧) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
(૨) ડીનશ્રી, એ.બી.એમ.નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
ર/– કોન્ફરન્સ હોલમા જરૂરી સગવડ પુરી પાડવા વિનંતી છે.
(૩) વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી